જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૬/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૯૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૨	૦	૧૧૫૧૨	૧૭૬૩૧	૦	૧૭૬૩૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૭	૦	૮૭	૩૦૩	૦	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૨૪૯૯	૩૨૩	૫૨૮૨૨	૫૩૧૩૧	૩૩૨	૫૩૪૬૩
કુલ		૬૮૮૦૬	૩૨૩	૬૯૧૨૯	૭૭૩૦૮	૩૩૨	૭૭૬૪૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૬	૨,૯૬,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૭૫	૧૯,૭૫,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૯૯૪/૨૦૨૧**

રામોલઃ આકાશભાઇ રાજેન્દ્રપ્રસાદ (ઉ.વ.૩૬)(રહે.પાશ્વનાથ ટાઉનશીપ વિભાગ-૨ શક્તિ ચોક પાસે સૈજપુર બોઘા નવા નરોડા) એ તા.૦૪/૦૬/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પ્રતિક રાકેશપ્રસાદ પાલ (રહે.વૈદેહી રેસીડન્સી વસ્ત્રાલ) "કાર લે-વેચ ના ધંધામાં સારો એવો નફો મળે છે" તેવો આકાશભાઇને વિશ્વાસ આપી, કાર લે-વેચ ના ધંધામાં રોકાણ કરવાનું કહી સી.ટી.એમ.ધર્મભુમી એપાર્ટમેન્ટ ખાતે રહેતા આકાશભાઈના સસરાના ઘરેથી આકાશભાઇ પાસેથી તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કુલ રૂપિયા ૨૧,૯૫,૦૦૦/- મેળવી લઇ નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૯૫/૨૦૨૧**

રામોલઃ દયાવાન શરણકુમાર પંચાલ (રહે.ધર્મધ્યાન રેસીડેન્સી રામોલ ટોલટેક્ષની બાજુમાં રીંગ રોડ રામોલ) એ તા.૦૪/૦૬/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૨૮/૦૫/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની વિંટી નંગ-૨ અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૯૬/૨૦૨૧**

એલીસબ્રીજઃ નિરંજભાઇ અશોકભાઇ ડોકટર (રહે.પાશ્વ બંગલો ગોપીનાથ ખમણની ગલીમા ફતેહપુરા પાલડી) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન આંબાવાડી સહજાનંદ ચાર રસ્તા આગળ વેર હાઉસ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં એનેસ્થેટીસ્ટનો સામાન લેરીંગો સ્કોપ નંગ-૧ કિમત રૂપિયા ૪,૦૦૦/-, અંબુ બેગ નંગ-૨ કિમત રૂપિયા ૪,૦૦૦-, બેન સર્કીટ નંગ-૧ કિમત રૂપિયા ૧,૦૦૦-, પીડીયા ટ્રીક નંગ-૧ કિમત રૂપિયા ૧,૦૦૦/-, એન્ડ્રો ટ્રેકીયલ ક્યુબ નંગ- ૧૦ કિમત રૂપિયા ૧,૦૦૦/-, આઇ જેલ નંગ-૨ કિમત રૂપિયા ૩,૦૦૦/-, પલ્સ ઓસ્કીમીટર ટેબલ ટોપ કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ મનનભાઇ મણીભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે.કલ્હાર એક્ઝોટીકા સાયન્સ સીટી રોડ સાયન્સ સીટી) એ તા.૦૪/૦૬/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરમાં ઘરઘાટી તરીકે કામ કરતો આરોપી સુનિલ ભગવાન મીણા (રહે.ગામ-બેરાવલ, સલુમ્બર, રાજસ્થાન) તા.૨૦/૦૫/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી હિરાજડીત સોનાની વિંટી નંગ-૨ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/-, કાંડા ઘડીયાલ નંગ-૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ મીતભાઇ મેહુલભાઇ શાહ (રહે. ટેમ્પલ એવન્યુ ધરણીધર દેરાસરની બાજુમા વાસણા) એ તા.૦૪/૦૬/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પેડલ રીક્ષા લઈને આવેલ અજાણ્યા સ્ત્રી-પુરૂષ “દીવ્યા મોટર્સ એસેસરીઝ” ના વર્કશોપની બાજુમા આવેલ પ્લોટમાંથી ત્રણ મીટ્સુબીસી કંપનીના ઇન્ડોર-આઉટડોર એ.સી. કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, ગાડીના કેરીયર નંગ-૩ કિમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૪૬,૦૦૦/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરેનભાઇ જેરામભાઇ ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૯૭/૨૦૨૧**

સાબરમતીઃ બર્ખાબહેન વા/ઓ નરેશભાઇ યાદવ (રહે.ધર્મનગર સોસાયટી સાબરમતી રેલ્વે સ્ટેશન પાસે સાબરમતી) એ તા.૦૪/૦૬/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૩/૦૪/૨૦૨૧ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંકના પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની મહિન્દ્રા કંપનીની નુવો સ્પોર્ટ કાર નંબર એચઆર ૫૧ બીકે ૩૨૨૦ કિમત રૂપિયા ૬,૦૯,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૯૯૮/૨૦૨૧**

સરખેજઃ સરખેજ, શાંતિપુરા સર્કલ પાસે આવેલ “સ્વાતી પ્રેરેન્ટી” નામની સાઇટ ઉપર રહેતા અને ત્યાં જ કામ કરતા રમેશભાઇ હરજીભાઇ ભમાત (ઉ.વ.૪૩)(મુળ વતન. ગામ- ઉદડીયા, તા-સીકલી થાના-કુવા, જી-ડુંગરપુર, રાજસ્થાન) તા.૦૪/૦૬/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સાઇટના ત્રીજા માળે ચણતરકામ કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા ત્રીજા માળથી નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સહયોગ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ રમેશભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી